# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૦ માં જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે બે વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણ પત્રકમાં **(NEEDS IMPROVEMENT)** "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પરીક્ષાર્થીઓની શાળાવાર યાદી તૈયાર કરી શાળાઓને માર્ચ-૨૦૨૦ ની પરીક્ષાના પરિણામ સાથે મોકલવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયની પરીક્ષામાં નાપાસ છે અને પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક હોય તેવા પરીક્ષાર્થીઓ વર્ષ- ૨૦૨૦ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

આ પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **hscsciexamreg.gseb.org** પરથી **ONLINE** કરવાની કામગીરી ચાલુ છે.(આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. રૂબરૂ કે ટપાલ દ્વારા આવેદન સ્વીકારવાની પધ્ધતિ હવે પછીથી અમલમાં રહેશે નહી.)

પરીક્ષા માટેનું આવેદન કરવાની અંતિમ તારીખ તા.૨૦/૦૬/૨૦૨૦ સાંજે ૧૭:૦૦ કલાક સુધી હતી જે લંબાવીને તા.૩૦/૦૬/૨૦૨૦ સાંજે ૧૭:૦૦ કલાક સુધી કરવામાં આવે છે.

ખાસનોંધ:-

1. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા - ૨૦૨૦ માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
2. અગાઉ તા.૨૨/૦૫/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ કરેલ પરિપત્રમાં ટપાલ દ્વારા પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓની યાદી અને ફી ભર્યાનું ચલણ મોકલી આપવાની સુચના આથી રદ કરવામાં આવેલ છે.
3. **COVID-19** ની પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ શાળા પર જઇ આવેદન માટેની સંમતિ તથા ફી ન આપી શકે તેમ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી ઓનલાઈન આવેદન કરીને નિયત ફી ભરી શકશે.
4. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.
5. કોઇ પણ પ્રકારની લેઇટ ફી ઉપરોકત સમયગાળા માટે અમલી રહેશે નહી.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા- ૨૦/૦૬/૨૦૨૦
સ્થળ - ગાંધીનગર